જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૭/૦૯/૨૦૧૮ ગુરૂવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૮૫/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૧ કેસ કરી, ૬૧ વ્યક્તિઓને ઝડપી, ૧૨૪ લીટર દેશી દારૂ, ૪૬૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩ બિયર ટીન, ૧ પીક અપ ડાલુ, ૧ મોટર સાયકલ અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭,૧૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૮૬/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૮૮૭/૧૮**

**વટવાઃ** દર્શનાબહેન વા/ઓ અશોકભાઇ પ્રજાપતી (ઉ.વ.૫૦)(રહે,સ્વામીનારાયણ સોસાયટી પી.ડી.પંડ્યા કોલેજ રોડ ઘોડાસર વટવા) એ તા.૨૬/૯/૧૮ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૬/૨૦૧૬ થી આશરે ૨૦ દીવસ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) રીધ્ધી નયનકુમાર રાણા અને (૨) નયનકુમાર રાણા (બંને રહે,બંગલાનિવાસ દક્ષીણી સોસાયટી મણીનગર) એ ભેગા મળી દર્શનાબહેન તથા અન્ય સાહેદો પાસેથી “બાજપાઇ બેંકેબલ યોજના” હેઠળ સ્વરોજગાર લોન અપાવવાનો વિશ્વાસ અને ભરોસો આપી ફોર્મ ભરાવી રૂપીયા ૧,૦૦,૦૦૦/- ની લોન પર રૂપીયા ૩,૫૦૦/- લેખે જુદી-જુદી રકમની લોનના ફાઇલ ચાર્જ પેટે કુલ રૂપિયા ૧૮,૦૦,૦૦૦/- મેળવી લઇ, લોન મંજુર નહી કરાવી તેમજ ફાઇલ ચાર્જના રૂપિયા પરત નહી આપી, દર્શનાબહેન તથા સાહેદો સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.પી.ગોહીલ ચલાવે છે.

**કાગડાપીઠઃ** બીપીનભાઈ અંબાલાલ પટેલ (ઉ.વ.૫૮)(રહે, વ્રજ ગાર્ડન શાન્તી એશીયાટીક સ્કુલ સામે એસ.પી.રીંગ રોડ શેલા તા.જી.અમદાવાદ) એ તા.૨૬/૯/૧૮ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૫/૧૮ થી તા.૧૮/૦૬/૧૮ સુધીના સમયગાળા દરમ્યાન કાગડાપીઠ ન્યુ ક્લોથ માર્કેટમાં દુકાન નં-૧૭૧ “અર્પણ સીંથેટીક ગુજરાત પ્રા.લી.” નામની કાપડની દુકાન ખાતેથી આરોપી વૈભવ દલપતરાજ જૈન (રહે,બીજો માળ, સુમેલ બિઝનેસપાર્ક-૨, વાણીજ્યભવનની પાછળ કાંકરીયા) એ બીપીનભાઇ પાસેથી કપડાનો માલ કિમત રૂપિયા ૧૨,૬૦,૪૬૦/- ખરીદ કરી, તે પેટે આપેલ ચેક રીટર્ન થતા, બીપીનભાઇને માલના રૂપિયા નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જે.હુણ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૮૮૮/૧૮**

**વાડજઃ** દિનેશભાઇ મધુકર પાટીલ (રહે, માધવબાગ ફ્લેટ એ.ડી.સી બેંકની બાજુમા નિર્ણયનગર) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૯/૧૮ રાતના ૧૧/૧૫ થી તા.૨૬/૦૯/૧૮ કલાક ૧/00 વાગ્યા દરમ્યાન આશ્રમ રોડ ઇન્કમટેક્ષ ખાતે આવેલ પાશ્વનાથ ચેમ્બર્સ બીજે માળ સ્ટાર લાઇન એડવર ટાઇઝીંગ નામની ઓફીસના શટરનું તથા લાકડાના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી, લાકડાના કબાટમાંથી ગોદરેજ કંપનીનું લોકર ચોરી કરી લઇ ગઇ છે. જેમાં રોકડ રૂપિયા ૭0,000/- અને કેબીનમાંથી લીનોવો કંપનીનું લેપટોપ કિમત રૂપિયા ૨0,000/- મળી કુલ રૂપિયા ૯0,000/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.પી.પરમાર ચલાવે છે.

**આનંદનગરઃ** દિપ્તીબહેન વા/ઓ આનંદભાઇ ઠકકર (રહે,આનંદનગર ફ્લેટ ૧૦૦ ફુટ રોડ આનંદનગર) એ તા.૨૬/૯/૧૮ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૮/૧૮ રાતના ૧0/30 થી તા.૧૯/૦૮/૧૮ કલાક ૨/30 વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકૂચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, મેટ્લના બદ્રીનાથ કેદારનાથના સીક્કા નંગ-૬ કિમત રૂપિયા ૫00/-,બ્લુ ડાયમંડ નંગ-૧૫ કિમત રૂપિયા ૪,000 અને રોકડ રૂપિયા ૧,૫00/- મળી કુલ રૂપિયા ૮૩,૪00/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.જાદવ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૮૮૯/૧૮**

**રાણીપઃ** અશોકભાઇ વાસુદેવભાઇ મહેશ્વરી (રહે.ઝેરડીયાવાસ સાંચોર તા.સાંચોર જી.ઝાલોર રાજસ્થાન) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૯/૧૮ સાજના ૫/00 થી ૫/30 વાગ્યા દરમ્યાન રાણીપ પ્રબોધરાવળ સર્કલ, ચિમનભાઇ બ્રિજના છેડેથી પાવર હાઉસ સર્કલ બ્રિજના છેડા સુધીની ઇનોવા ગાડીની મુસાફરી દરમ્યાન ઇનોવા ગાડીમાં બેસેલ બે પુરૂષ (૨૦ થી ૩0 વર્ષના આશરાના) એ ભેગામળી અશોકભાઇની નજર ચુકવી તેમના પેન્ટના ખિસામાંથી રોકડ રૂપિયા ૧,૪૪,000/- ચોરી કરી અશોકભાઇને ગાડીમાંથી ઉતારી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ચંદ્રસિહ રાયમલભાઇ ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** હસીતભાઈ મણસુરભઈ સોંધરવા (રહે,શીખર એપાર્ટમેંટ ચીફ જસ્ટીટ બંગલોઝ પાછળ જજીસ બંગલા રોડ બોડકદેવ) એ તા.૨૬/૦૯/૧૮ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૯/૧૮ રાતના ૯/00 થી તા.૧૮/૦૯/૧૮ કલાક ૧૧/00 વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાંથી રોકડ રૂપિયા ૭0,000/- મુકેલ પર્સ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

**ગાયકવાડ હવેલીઃ** હિતેશભાઇ પુંજાભાઇ વાઘેલા (રહે,તુલસીનગર સોસાયટી સોરાબાજી કમ્પાઉંડ જુના વાડજ) એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૯/૧૮ સાજના ૭/00 વાગ્યાના સુમારે વિક્ટોરીયા ગાર્ડનની સામે પાર્ક કરેલ પોતાના એક્ટીવાની ડેકીનું લોક તોડી અજાણી વ્યક્તિ ડેકીમાંથી મુકેલ રોકડ રૂપિયા ૩,૮00/-, સોનાનું મંગળસુત્ર કિમત રૂપિયા ૨૫,000/-, ચાંદીની પાયલ કિમત રૂપિયા ૧,૫00/- તથા અગત્યના દસ્તાવેજો મળી કુલ રૂપિયા ૩0,300/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એન.પ્રજાપતિ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૯૦/૧૮**

**ઇસનપુરઃ** વિનોદ દેવજી ગરાસીયા (ઉ.વ.૧૯) (રહે.આરતી સોસાયટી સામે કોન્ફી હોટલની બાજુમા ઘોડાસર) એ અગમ્ય કારણસર તા.૨૫/૯/૧૮ રાતના ૯/૨૦ વાગ્યા પહેલા રહેણાંકમાં છતની લોખંડની પાઇપ સાથે સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી.આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ચંદુભાઇ નાનજીભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.